# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/269 Dt. 26/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એક્ઝિમ કૉન્ક્લેવ યોજાયો

### સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલૌત અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા

## નિષ્ણાતોએ વણખેડાયેલાં વૈશ્વિક બજારો અને ક્વોલિટી પર ધ્યાન કેન્દ્રીત કરી નિકાસ વધારવા પ્રોત્સાહન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એક્ઝિમ કૉન્ક્લેવ 2025 યોજાયો હતો. સેન્ટર ઑફ ઈન્ટરનેશનલ ટ્રેડ, સુરત મેનેજમેન્ટ એસોસિયેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, વાધવાણી ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ કૉન્ક્લેવમાં નિષ્ણાત વક્તાઓએ વણખેડાયેલાં બજારો પર ધ્યાન કેન્દ્રીત કરીને નિકાસ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે એક્ઝિમ કૉન્ક્લેવ મારું સ્વપ્ન હતું. અમે એક્સપોર્ટ-ઈમ્પોર્ટના ક્લાસીસ ચલાવીએ છીએ. હું પણ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએસનનો વિદ્યાર્થી રહી ચૂક્યો છું. આપણી આજુબાજુના દેશોમાં અસ્થિરતા છે ત્યારે વૈકલ્પિક બજારો શોધવા આજની તાતી જરૂરિયાત છે.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી ઉમેશ દીક્ષિતે જણાવ્યું કે, આપણે ગમે તે ઉદ્યોગમાં હોઇએ, આપણે આપણી સ્કિલનો ઉપયોગ એક્સપોર્ટમાં કરવો જોઇએ.

સુરત મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ શ્રી નીતિન ઓઝાએ કહ્યું કે, વૈશ્વિક ભાગીદારો વિશ્વાસુ ભાગીદારોની શોધમાં છે, નવાં બજારો ઉદ્‌ભવી રહ્યાં છે. આ ક્ષણ સુરતની છે. ગ્રાહક વલણ જાણે, ગુણવત્તા જાળવે એ જ હવે જીતશે. સુરતે ઉચ્ચ સંભાવનાવાળા વણખેડાયેલાં વૈશ્વિક બજારો તરફ ધ્યાન આપવું રહ્યું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલા સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોતે કહ્યું કે, શહેરનો ગ્રોથ તેની મોબિલિટી નક્કી કરે છે. ફ્રેટ કોરિડોર આવવાથી માલગાડીની સરેરાશ સ્પીડ 70 કિમી/કલાકની થઈ છે. દેશના 4 ગ્રોથ સેન્ટર્સમાં સુરતનો પણ સમાવેશ થતો હોવાથી રોડ સેફ્ટી અને ઝડપી મોબિલિટી બંને અનિવાર્ય બની રહે છે. રોડ નેટવર્ક વિના ઈન્ડસ્ટ્રિઅલ સપ્લાય ચેઈન વિક્ષેપિત રહેતી હોય છે. મેનપાવર પણ સમયસર અને સલામત રીતે ફેક્ટરી પહોંચે એ જરૂરી છે. સુરત પોલીસે ઝડપી હેરફેર માટે ટ્રાફિક સર્કલ નાના કર્યા છે અને 1600 જેટલા સીસી ટીવી કેમેરા સ્થાપિત કર્યા છે.

ચેમ્બરના ગ્રુપ ચેરમેન શ્રી અનિલ સરાવગીએ પ્રથમ પેનલ ડિસ્કસનનું સંચાલન કર્યું હતું, જેમાં સુરતની નિકાસને કેવી રીતે વધારવી, ધ નેક્સ્ટ સ્ટીચ-સ્ટીચ-સ્ટેન્ગધનિંગ, સુરત ટેક્સ્ટાઈલ એન્ડ ડાયમંડ એક્સપોર્ટ વિષય પર નિષ્ણાત વક્તાઓ તરીકે શ્રી રામ કૃષ્ણ એક્સપોર્ટના ડિરેક્ટર શ્રી દર્શક નરોલા અને લિબર્ટી ગ્રુપ ઑફ કંપનીઝના ડૉ. દિનેશ ધનકાણીએ વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી દર્શક નરોલાએ કહ્યું કે, પ્રતિબંધોના સમયમાં અનુપાલન પણ અગત્યનું બની ગયું છે. અમારું 90% સેલિંગ ઓનલાઈન થાય છે, એટલે બ્રાન્ડિંગમાં વિશ્વાસ ખૂબ જરૂરી છે.

ડૉ. દિનેશ ધનકાણીએ કહ્યું કે, ટેક્સ્ટાઈલ માટે નિકાસમાં અપાર સંભાવનાઓ છે અને 12-15% સીએજીઆરથી ગ્રો થઈ શકે છે. આપણે અમેરિકા-અમેરિકા કરવાને બદલે બોત્સ્વાના જેવા આફ્રિકી દેશો પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ.

આ કૉન્ક્લેવમાં બીજી પેનલ ડિસ્કશન ફ્રોમ કેમ્પસ ઈનોવેટર્સ ટુ ધ ગ્લોબલ એન્ટ્રોપ્રિન્યોર વિષય પર યોજાઈ હતી, જેમાં પેનલિસ્ટસ તરીકે નવરચન યુનિવર્સિટીના પ્રોફેસર અને ડીન ડૉ. હિતેશ ભાટિયા અને પી. પી. સવાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. પરાગ સંગાણીએ વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્ઝિમ લીડર્સ બનવા માર્ગદર્શન આપ્યું હતું. આ પેનલ ડિસ્કશનનું સંચાલન વધવાન ફાઉન્ડેશનના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી કેદાર પંડ્યાએ કર્યું હતું.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી જે.બી. દવેએ સરકારની નીતિઓ વિશે માર્ગદર્શન આપ્યું હતું અને આયાત-નિકાસ માટે સરકાર શું કરી રહી છે તેનો ખ્યાલ આપ્યો હતો.

ઈન્ડિયા એક્ઝિમ ફિનસર્વ આઈએફએસસી પ્રા. લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શ્રી વિશાલ શાહે ઉભરતાં વિશ્વ બજારો વિશે બોલતા કહ્યું કે, ટેક્સ્ટાઈલની નિકાસમાં અમેરિકા, યુરોપ અને યુકેનું યોગદાન 50% છે. ટેરિફ છતાં નિકાસમાં નજીવો વધારો થયો છે અને સરકાર કેનેડા સહિત 40 દેશોમાં આઉટરીચ પ્રોગ્રામ આયોજિત કરી રહી છે. ક્વોલિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા-એનએબીએલ, અમદાવાદનાં જોઇન્ટ ડિરેક્ટર ડૉ. ભૂમિ રાજ્યગુરુએ વૈશ્વિક

સ્પર્ધાત્મક્તા માટે ક્વૉલિટી કન્ટ્રોલની જરૂરિયાત પર બોલતા કહ્યું કે ક્વૉલિટી માટે ટેસ્ટિંગ જરૂરી છે. આ માટે તેમણે એનએબીએલ એક્રેડિટેશન અને તેના લાભો સમજાવ્યા હતા.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનનાં સુશ્રી નતાશા ભટનાગરે કૉન્ક્લેવનું સંચાલન કર્યું હતું.